## વડોદરા મહાનગરપાલિકા

### આરોગ્ય વિભાગ – જન્મ, મરણ અને લગ્ન નોંધણી શાખા

**www.vmc.gov.in**

વડોદરા મહાનગરપાલિકા, આરોગ્ય ખાતા હસ્તક જન્મ-મરણ નોંધણી શાખાની કેટલીક સેવાઓનું હાલ વિકેન્દ્રીકરણ કરવામાં આવેલ છે. સદર વિકેન્દ્રીકરણના ભાગરૂપે હવેથી નીચે જણાવ્યા મુજબની કાર્યપ્રણાલીને અનુસરવાની રહેશે.

તા.૦૧/૦૧/૨૦૨૧ થી વડોદરા શહેર વિસ્તારમાં આવેલ તમામ સરકારી, બિન-સરકારી, ખાનગી, આયુષ કલિનિક ખાતે બનતા જન્મ, મરણ તથા મૃત જન્મના બનાવને જે તે હોસ્પિટલ ધ્વારા **web-based Application** ઈ-ઓળખ **(Gujarat Civil Registration System)** ઉપર નોંધવાના રહેશે તેમજ ઉપર જણાવેલ દરેક યુનિટ્સે દિન-૧૪ માં જન્મ અને મરણના બનાવની **On-line Entry** કરવાની રહેશે. ઘરે બનેલ જન્મ/મરણના બનાવ અંગે નાગરિકોએ તેઓના રહેઠાણની નજીક આવેલ **U-PHC (Urban Primary Health Centre)** ખાતે નોંધ કરાવવાની રહેશે. જન્મ અને મરણના મૂળ પ્રમાણપત્ર તથા ૦૨ પ્રમાણિત નકલ (૧+૨) અરજદારને તેઓના રહેઠાણના સરનામે સ્પીડ પોસ્ટથી મોકલી આપવામાં આવશે. જન્મ અને મરણ નોંધણી પ્રમાણપત્રની નકલ નજીકના **U-PHC** ઉપરથી સોમવાર, બુધવાર અને શુક્રવારે બપોરે ૦૨=૦૦ થી ૦૫=૦૦ સુધી મેળવી શકાશે. આ ઉપરાંત, ઉપર નક્કી કરેલ દિવસ સિવાય અરજદાર જન્મ અને મરણ નોંધણી પ્રમાણપત્રની નકલ જન્મ-મરણ નોંધણી શાખા, સરદાર પટેલ બિલ્ડીંગ, કેવડાબાગની સામે, નવાપુરા ખાતેથી બપોરે ૧૧=૦૦ થી ૦૪=૦૦ સુધીમાં મેળવી શકશે.

જન્મ-મરણ નોંધણી અંગેની અન્ય કામગીરી જેવી કે, સને-૨૦૨૦ અગાઉ જન્મેલ બાળકના જન્મ પ્રમાણપત્રમાં નામ નોંધ, જન્મ-મરણ પ્રમાણપત્રમાં સુધારા-વધારા, અપ્રાપ્ય પ્રમાણપત્ર **(No Record)** મેળવવા માટે સરદાર પટેલ બિલ્ડીંગ, કેવડાબાગની સામે, નવાપુરા ખાતે સવારે ૧૦=૩૦ થી બપોરે ૦૩=૩૦ દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

વધુમાં, જન્મ અને મરણ નોંધ તેમજ તેને લગતી કોઈપણ માહિતી માટે ફોન નં. ૦૨૬૫-૨૪૧૭૪૨૨ ઉપર કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે.

મ્યુનિસિપલ કમિશનર<br>
પી.આર.ઓ.નં.૯૪૪/૨૦૨૦-૨૧. વડોદરા મહાનગરપાલિકા.